Teachingninja.in

Latest Govt Job updates

Private Job updates

Free Mock tests available

Visit - teachingninja.in

# Gujarat
# TAT
## Previous Year Paper
## (General) 27 Jul, 2014

Teachingninja.in

*This Question Paper contains 32 printed pages.*

Sl.No. 108587

| પ્રશ્નપુસ્તિકાનો કોડ Question Paper Booklet Code |
|---|
| A |

# S/TAT/GN(G)/14

**(JULY, 2014)**

***Time : 2 Hours]*** ***[Maximum Marks : 150***

સૂચનાઓ :

1) આ કસોટીમાં કુલ 150 પ્રશ્નો 5 પેટા-વિભાગોમાં વહેંચાયેલા છે. દરેક પ્રશ્નનો ગુણ 1 છે.

2) તમામ કસોટીઓ બહુવિકલ્પ પ્રકારની છે. ચાર વિકલ્પોમાંથી એક જ વિકલ્પ સાચો જવાબ છે, જે ધ્યાનપૂર્વક વાંચી જવા અને OMR Sheet ઉપર નિયત સ્થળે તમારો ઉત્તર સાચા વિકલ્પની સામેના વર્તુળને ઘટ્ટ [ ● ] કરીને નોંધવા વિનંતી છે.

3) પ્રશ્નપત્રના મથાળે જમણી બાજુ ખાનામાં પ્રશ્નપુસ્તિકાનો કોડ લખવામાં આવ્યો છે. ઉમેદવારોએ આ કોડ OMR Sheet ઉપર દર્શાવવામાં આવેલી જગ્યાએ ચીવટપૂર્વક આંકડામાં તેમજ વર્તુળને ઘટ્ટ બનાવીને લખવાનો છે.

4) OMR Sheet ઉપર લખવામાં આવેલો પ્રશ્નપુસ્તિકાનો કોડ અને પ્રશ્નપત્ર ઉપર લખેલો કોડ સમાન હોય તેની ખાત્રી કરી લેશો. આમાં વિસંગતતા હોય તો ખંડ નિરીક્ષકને તરત જ જાણ કરી OMR Sheet અથવા પ્રશ્નપત્ર અથવા બંને બદલી આપવા માટે જણાવશો જેથી બંને સેટ એક જ કોડના થાય.

5) ઉમેદવારે તેને આપવામાં આવેલા પ્રશ્નપુસ્તિકાનો કોડ હાજરીપત્રકમાં નિયત સ્થળે લખવાનો છે.

6) OMR Sheet ઉપર વિગતો લખવા માટે તેમજ જવાબો નોંધવા માટે કાળી/ભૂરી બોલપોઈન્ટ પેનનો જ ઉપયોગ કરશો.

7) OMR Sheet ઉપર 'વ્હાઈટ ફ્લુઈડ' કે કરેક્શન શાહીનો ઉપયોગ કરવાની છૂટ નથી.



hfghfhdfhfhfhfdhdfhdfhdfhdfhdfhdfhdfhdfhdhhdfhdfhd

Teachingninja.in

સામાન્ય જ્ઞાન (કુલ ગુણ : 25)

1) અનુવાંશિકતાનો નાનામાં નાનો એકમ કયો છે ?
(A) ક્રોમોઝોમ (B) જીન
(C) ન્યુક્લીઓટાઈડ્‌ઝ (D) ઉપરમાંથી એકે નહીં

2) 'ANTARA' કયા દેશની સમાચાર સંસ્થા છે ?
(A) ઈન્ડોનેશિયા (B) મલેશિયા
(C) ટર્કી (D) ઉપરમાંથી એકે નહીં

3) છોડને ગૌણ રીતે પોષણ આપવાનું કામ કોણ કરે છે ?
(A) નાઈટ્રોજન (B) ફોસ્ફરસ
(C) સલ્ફર (D) ઉપરમાંથી એકેય નહિ

4) નીચેનામાંથી કઈ 'Social Networking site' નથી ?
(A) Google (B) Buzz
(C) Wink (D) Linkedin

5) 'સારે જહાં સે અચ્છા' પ્રખ્યાત ગીત કોણે રચ્યું છે ?
(A) જયદેવ (B) મોહમ્મદ ઈકબાલ
(C) બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાય (D) રવીન્દ્રનાથ ટાગોર

6) "The highest education is that which does not merely give us information but makes our life in harmony with all existence" કોણે આપેલું છે ?
(A) JRD Tata (B) Rabindranath Tagore
(C) J. Krishnamurthy (D) Mahatma Gandhi

7) ક્યાત (Kyat) ક્યાંનું ચલણ છે ?
(A) નેપાળ (B) ભૂતાન
(C) મ્યાનમાર (D) ઉપરમાંથી એકેય નહિ



Teachingninja.in

8) એથલેટિક બીજા કયા નામે ઓળખાય છે ?

(A) Sports (B) Track & Field
(C) Marathon (D) Decathlon

9) 'doping test' એ શેનો સંગ્રહ કરવાની પ્રક્રિયા છે ?

(A) Sugar sample (B) Urine sample
(C) Stool sample (D) Blood sample

10) એન્ટિ ડાયોરેટિક અંતઃસ્ત્રાવ નીચેનામાંથી કઈ ગ્રંથીમાંથી થાય છે ?

(A) પીચ્યુટરી (B) પેનક્રિયાસ
(C) થાયોરાઈડ (D) ઉપરમાંથી એકપણ નહિ

11) નીચેનામાંથી આણ્વિક ઊર્જા ઉત્પન્ન કરવા માટેનું યુરેનિયમનું શ્રેષ્ઠ સ્વરૂપ કયું છે ?

(A) U 235 (B) U 237
(C) U 238 (D) ઉપરમાંથી એકપણ નહિ

12) કાલચક્ર વિધિ નીચે આપેલી વિધિઓમાંથી શેની સાથે સંકળાયેલી છે ?

(A) હિન્દુવાદ (B) બુદ્ધવાદ
(C) જૈનવાદ (D) ઈસ્લામ

13) બહારના કાનનો આકાર શેના લીધે હોય છે ?

(A) ઈલાસ્ટિક કાર્ટિલેજ (B) ફાઈબ્રો કાર્ટિલેજ
(C) આર્ટિક્યુલર કાર્ટિલેજ (D) ઉપરમાંથી એકેય નહિ

14) ઓડિસી નૃત્યનું મૂળ કયા રાજ્યમાંથી આવ્યું છે ?

(A) તમિલનાડુ (B) ઓરિસ્સા
(C) કેરલા (D) કર્ણાટકા



Teachingninja.in

15) નીચેનામાંથી કયું ઉત્સેચક નથી ?

(A) કેમોટ્રિપ્સિન (B) સેક્રેટિન

(C) પેપ્સિન (D) ઉપરમાંથી એકેય નહિ

16) O+ વાળા બ્લડગ્રુપ બાળકને ________ બ્લડગ્રુપવાળી માતા હોવું અશક્ય છે.

(A) AB- (B) O-

(C) O+ (D) ઉપરમાંથી એકેય નહિ

17) રસીકરણ એ ________ રોગપ્રતિકારક શક્તિનું સમાનાર્થી છે.

(A) નેચરલ એક્ટિવ (B) આર્ટિફિસિયલ પેસિવ

(C) આર્ટિફિસિયલ એક્ટિવ (D) ઉપરમાંથી એકેય નહિ

18) 8 bit = ................

(A) નિબલ (B) કિલોબાઈટ

(C) બાઈટ (D) ઉપરમાંથી એકેય નહિ

19) 'હોડી હરિફાઈ' કયા તહેવારની ખાસ વિશિષ્ટતા છે ?

(A) ઓનમ (B) રોંગલી બિહુ

(C) નવરાત્રિ (D) પોંગલ

20) "All motion is relative" એ ખ્યાલ કોણે આપ્યો ?

(A) આલ્બર્ટ આઈન્સ્ટાઈન (B) જહોન કેપ્લર

(C) ગેલિલેયો ગેલાલી (D) ઉપરમાંથી એકેય નહિ



Teachingninja.in

21) ગાંધીજીનો જન્મ કઈ સાલમાં થયો હતો ?

(A) 1869 (B) 1888

(C) 1817 (D) ઉપરમાંથી એકેય નહિ

22) 'કાદમ્બરી' કોણે લખી છે ?

(A) જયદેવે (B) કાલિદાસે

(C) બાણભટ્ટે (D) તુલસીદાસે

23) 'Whatsapp' ના સ્થાપક કોણ છે ?

(A) બિલ ગેટ્સ (B) જેન કોમ

(C) સ્ટિવ જોબસ (D) ઉપરમાંથી એકેય નહિ

24) ''મેઘદૂત'' કોણે લખી છે ?

(A) જયદેવે (B) બાણભટ્ટે

(C) કાલિદાસે (D) ઉપરમાંથી એકેય નહિ

25) દુનિયાનું ટોચ ઉપરનું સૌથી જાણીતું સ્થળ કયું છે ?

(A) K2 (B) મ્યાનમાર

(C) તિબેટ (D) ચિત્તાગોંગ



Teachingninja.in

## શિક્ષક અભિયોગ્યતા (કુલ ગુણ : 40)

26) શિક્ષણ કાર્યનું આયોજન કરતાં કઈ બાબત ધ્યાનમાં ન લેવી જોઈએ ?

(A) સમય (B) કાર્ય દિવસો

(C) શાળામાં વિદ્યાર્થીઓની સંખ્યા (D) રજાઓની સંખ્યા

27) દૈનિક શિક્ષણકાર્યનું આયોજન કરવાથી તમને શું લાભ થાય છે ?

(A) સારી પૂર્વ તૈયારી થાય. શૈક્ષણિક ઉપકરણો અગાઉથી મેળવી શકાય.

(B) શું શીખવવાનું છે તે અંગે સભાનતા આવે

(C) કાર્યમાં નિયમિતતા આવે છે.

(D) ઉપરનાં બધાં જ

28) 'અનુભવી શિક્ષકને આયોજનની જરૂર જ નથી.' આ વિધાન અંગે તમે શું માનો છો ?

(A) વિધાન તદ્દન સાચું છે.

(B) વિધાન અંશતઃ સાચું છે.

(C) વિધાન ખોટું છે. આયોજનથી થયેલું કાર્ય ઘણું અસરકારક બને છે.

(D) સફળતાથી કાર્ય કરવામાં અનુભવ ઘણો ઉપયોગી છે.

29) વર્ગનો એક વિદ્યાર્થી તમને વારંવાર પ્રશ્નો પૂછે છે. આ વિષે તમારું મંતવ્ય શું છે ?

(A) વિદ્યાર્થીને સાચા ઉત્તરો આપી પ્રોત્સાહિત કરવો.

(B) વારંવાર પ્રશ્ન પૂછી મને ખલેલ ન પહોંચાડ એવું જણાવવું.

(C) ગુસ્સે થઈ તેને બેસાડી દઈશ.

(D) તેના પ્રશ્નો પર ધ્યાન નહીં આપું.

30) માની લો કે તમે ગણિતના શિક્ષક છો. એક વિદ્યાર્થી તેણે લખેલી કવિતા તમને બતાવે છે. તમે શું કરશો ?

(A) હું ગણિતનો શિક્ષક છું. મને કવિતામાં ખબર ન પડે. એમ કહી બેસાડી દઈશ.

(B) કવિતા લખવાને બદલે દાખલા ગણ એવી સલાહ આપીશ.

(C) તેની કવિતા વાંચી તેને પ્રોત્સાહિત કરીશ. કવિતા કોઈ સામયિકમાં મોકલવા જણાવીશ.

(D) આ અંગે આચાર્યશ્રીને જાણ કરીશ.



Teachingninja.in

31) તમારા એક વિદ્યાર્થીની જોડણી નબળી છે. તે તમારું માર્ગદર્શન માગે છે. તમે શું કરશો ?

(A) વર્ગમાં શિક્ષક શીખવે ત્યારે ધ્યાન આપવા સલાહ આપીશ.

(B) દરરોજ વર્તમાનપત્ર વાંચવાની સલાહ આપીશ.

(C) નાનો ખિસ્સા કોશ સાથે રાખી તેનો ઉપયોગ કરવા જણાવીશ.

(D) જોડણી તરફ વધુ ધ્યાન ન આપવા જણાવીશ.

32) 'શિક્ષકે પાઠ્યપુસ્તકમાં આપેલી વિગતો જ શીખવવી જોઈએ' આ અંગે તમે શું માનો છો ?

(A) શિક્ષક પાઠ્યપુસ્તકમાં આપેલી વિગતો જ શીખવે તો વિદ્યાર્થીને પરીક્ષામાં ફાયદો થાય.

(B) સંદર્ભ પુસ્તકો, સામયિકો અને ઈન્ટરનેટ દ્વારા મેળવેલું વિશેષ જ્ઞાન પણ ઉમેરી શકાય.

(C) આમ કરવાથી વિદ્યાર્થીને પરીક્ષામાં સારા ગુણ મળે. વાલી પણ ખુશ થાય.

(D) બીજું વધારાનું શીખવીએ તો અભ્યાસક્રમ પૂરો ન થાય.

33) તમારી શાળાના એક ઉત્સાહી શિક્ષક કેટલાક એકમો નાટ્યકરણથી શીખવે છે. આ અંગે તમારું શું મંતવ્ય છે ?

(A) આમ કરવાથી સમય વધારે જાય. અભ્યાસક્રમ પૂર્ણ ન થાય.

(B) વર્ગમાં શિસ્તના પ્રશ્નો ઉદ્‌ભવે.

(C) મિત્ર ભાવે શિક્ષણને આવું ન કરવા સલાહ આપીશ.

(D) આવા નવા પ્રયોગ બદલ શિક્ષકને અભિનંદન આપી પ્રોત્સાહિત કરીશ.

34) આર્થિક મૂંઝવણોને લીધે તમારી શાળા ચાર્ટ, ચિત્રો, નકશા અને મૉડલ પૂરતી સંખ્યામાં ખરીદી શકતી નથી. તમે શું કરશો ?

(A) ચાર્ટ કે ચિત્રો વિના ચલાવી લઈશ.

(B) વિદ્યાર્થીઓના સહકારથી ચાર્ટ, ચિત્રો, નકશા કે મૉડલ બનાવી વર્ગમાં તેનો ઉપયોગ કરીશ.

(C) આ અંગે આચાર્યશ્રીને ફરિયાદ કરીશ.

(D) આ અંગે દાન મેળવવા પ્રયાસ કરીશ.

35) પ્રોજેક્ટ પધ્ધતિનો ઉપયોગ કરવાની તમારી શાળાના આચાર્ય ના પાડે છે. તમે શું કરશો ?

(A) હું અધ્યાપન કાર્યમાં પ્રોજેક્ટ પધ્ધતિનો ઉપયોગ નહીં કરું.

(B) હું અન્ય કોઈ પધ્ધતિનો ઉપયોગ કરીશ.

(C) શાળા સમય પહેલાં, શાળા સમય પછી અને રજાના દિવસોમાં હું, પ્રોજેક્ટની પ્રવૃત્તિ કરીશ એવું સમજાવી આચાર્યને સંમત કરીશ.

(D) આ અંગે સંચાલક મંડળના પ્રમુખને જાણ કરીશ.



Teachingninja.in

36) શાળામાં યોજાતા પ્રવાસ-પર્યટનનો મુખ્ય હેતુ શું હોય છે ?

(A) વિદ્યાર્થીઓને નવાં સ્થળો જોવાનો લાભ મળે.

(B) વિદ્યાર્થીઓને સ્વનિર્ભર થવાની ટેવ પડે.

(C) વિદ્યાર્થીઓને જે તે સ્થળના ઈતિહાસ તેમજ ભૂગોળનું પ્રત્યક્ષ જ્ઞાન મળે.

(D) વિદ્યાર્થીઓને પોતાની જવાબદારીનું ભાન થાય.

37) વર્ગમાં વિદ્યાર્થીઓ તમને તમારા વિષયમાં નોટ લખાવવાનો આગ્રહ કરે છે. તમે શું કરશો ?

(A) સારી નોટ તૈયાર કરી વિદ્યાર્થીઓને લખાવીશ.

(B) થોડી ચર્ચા કર્યા પછી જ નોટ લખાવીશ.

(C) સમગ્ર વિષય મુદ્દાની વર્ગમાં ચર્ચા થાય એવો આગ્રહ રાખીશ.

(D) આચાર્યશ્રીની પરવાનગી મેળવી નોટ લખાવીશ.

38) વર્ગમાં તમે કેટલીક વિગતો ખોટી શીખવી એવું તમને લાગે છે. હવે તમે શું કરશો ?

(A) કશું જ નહીં કરું. વિદ્યાર્થીઓમાં મારી છાપ બગડે.

(B) વિદ્યાર્થીઓને આ બાબતનો ખ્યાલ જ ન આવે એવા પ્રયાસો કરીશ.

(C) વર્ગમાં દિલગીરી વ્યક્ત કરી ખોટી શીખવેલી વિગતો ફરી સાચી શીખવીશ.

(D) આ અંગે કોઈ ચર્ચા નહીં કરું.

39) 'વર્ષોના અનુભવ પછી શિક્ષકે વર્ગમાં તૈયારી કરી જવું જરૂરી નથી.' આ વિધાન અંગે તમે શું માનો છો ?

(A) સાચું છે. (B) ખોટું છે.

(C) અંશતઃ સાચું છે. (D) કશું ન કહી શકાય.

40) પરીક્ષામાં પ્રશ્નપત્રમાં અનાત્મલક્ષી પ્રશ્નો પૂછવાનો ગેરલાભ કયો છે ?

(A) વિદ્યાર્થીઓ સરળતાથી ચોરી કરે.

(B) વિદ્યાર્થીઓ ગોખણપટ્ટી કરે.

(C) મૌલિક અભિવ્યક્તિ ન જાણી શકાય.

(D) પ્રશ્ન રચનામાં વધારે સમય જાય.

41) સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન કોણે સૂચવ્યું છે ?

(A) મુદલિયાર શિક્ષણ પંચ (B) કોઠારી શિક્ષણ પંચ

(C) રાષ્ટ્રીય શિક્ષણ નીતિ - 1986 (D) રાધાકૃષ્ણન શિક્ષણ પંચ



Teachingninja.in

42) 'એક શિક્ષક માને છે કે અનાત્મલક્ષી પ્રશ્નોથી ઉપયોજનનો હેતુ ન માપી શકાય.' તમે આ વિધાન અંગે શું માનો છો ?

(A) સાચું
(B) ખોટું
(C) ક્યારેક સાચું
(D) કશું ન કહી શકાય

43) ભારતમાં પરીક્ષા સુધારણા અંગે એન.સી.ઈ.આર.ટી. નવી દિલ્હી આવી કયા શિક્ષણશાસ્ત્રીએ માર્ગદર્શન આપ્યું હતું ?

(A) જહોન ડ્યુઈ
(B) રુસો
(C) મોન્ટેસરી
(D) બેન્જામિન બ્લુમ

44) શાળામાં કોઈ એક વિષયની પ્રશ્નબેંક રચવાથી શું લાભ થાય ?

(A) શિક્ષકોનો સમય બચે.
(B) સારા, અજમાવેલા અને વૈવિધ્યપૂર્ણ પ્રશ્નો વડે સમતોલ પ્રશ્નપત્ર કાઢી શકાય.
(C) પરીક્ષા ઝડપથી લઈ શકાય.
(D) શાળાની પ્રતિષ્ઠા વધે.

45) 'સારા નિબંધ પ્રશ્નો વડે વિદ્યાર્થીઓનું સાચું મૂલ્યાંકન થઈ શકે.' આ વિધાન અંગે તમે શું માનો છો ?

(A) ખોટું છે.
(B) સાચું છે.
(C) ક્યારેક સાચું
(D) કશું ન કહી શકાય

46) 'પ્રશ્નપત્રમાં બધા જ પ્રશ્નો અનાત્મલક્ષી હોવા જોઈએ.' આ વિધાન અંગે તમે શું માનો છો ?

(A) સાચું છે.
(B) ખોટું છે.
(C) અંશતઃ સાચું છે.
(D) કશું કહી ન શકાય

47) તમારા વર્ગમાં જ્ઞાતિ અનુસાર જૂથો છે. આવાં જૂથો આવકાર્ય છે ?

(A) હા
(B) ના
(C) અનિર્ણિત
(D) ક્યારેક હા



Teachingninja.in

48) કા.પા. કાર્ય કરતાં આકૃતિઓ કે ચિત્રો કા.પા. ઉપર દોરવાં જરૂરી છે ?

(A) ના, બધા શિક્ષકોને ચિત્રો દોરતાં ન આવડે.

(B) હા, તેથી વિદ્યાર્થીઓની સમજ વધારે સ્પષ્ટ થાય.

(C) જો આવડે તો ચિત્ર કે આકૃતિ દોરવી.

(D) ના, તેમાં વધારે સમય જાય.

49) તમારા વર્ગમાં વિદ્યાર્થીઓ વારંવાર અવાજ કરે છે. તમે શું કરશો ?

(A) વિદ્યાર્થીઓને ઠપકો આપીશ.

(B) તેમના વાલીઓને શાળામાં બોલાવીશ.

(C) આચાર્યશ્રીને આ બાબતની જાણ કરીશ.

(D) અવાજ થવાનું કારણ તપાસી તે નિવારીશ.

50) વર્ગમાં એક ઊંચા વિદ્યાર્થીની આંખો નબળી છે. તમે તેને ક્યાં બેસાડશો ?

(A) પાછલી પાટલી ઉપર

(B) આગળની પાટલી ઉપર

(C) આગળની પાટલી ઉપર છેડે

(D) વચ્ચેની પાટલી ઉપર

51) વિદ્યાર્થીઓની ફરિયાદ છે કે તેમને બોર્ડ ઉપર લખેલું દેખાતું નથી. તમે શું પગલાં લેશો ?

(A) થોડા મોટા અક્ષર કાઢીને લખીશ.

(B) બોર્ડ ઉપર પ્રકાશ આવતો હશે તે બંધ કરીશ.

(C) વિદ્યાર્થીઓની વાત ધ્યાનમાં લઈશ નહિ.

(D) ભીનો ચૉક વાપરીશ.

52) વર્ગના વિદ્યાર્થીઓને હસ્તલિખિત અંક તૈયાર કરવાનો છે. વિદ્યાર્થીઓને જવાબદારી વહેંચતાં તમે શું ધ્યાનમાં લેશો ?

(A) વર્ગના હોશિયાર વિદ્યાર્થીઓને બધુ કામ સોંપીશ.

(B) વર્ગના સારા અક્ષરવાળા વિદ્યાર્થીઓને કામ સોંપીશ.

(C) લેખન શક્તિ ધરાવતા, ચિત્રકામ જાણતા, નેતૃત્વ ધરાવતા અને સારા અક્ષરવાળા એમ વિવિધ વિદ્યાર્થીઓને કાર્ય સોંપીશ.

(D) વર્ગના નેતા અને તેના મિત્રોને આ કામ સોંપીશ.



Teachingninja.in

53) શાળાના પ્રવાસમાં વિદ્યાર્થી નેતાને તમે કઈ જવાબદારી સોંપશો ?

(A) સમગ્ર જવાબદારી (B) આર્થિક જવાબદારી

(C) વિવિધ કાર્યોમાં સહાયક (D) કોઈ જવાબદારી ન સોંપવી

54) યુવક મહોત્સવમાં એક વાલી તેની પુત્રીને ગરબામાં ભાગ લેતી રોકે છે. શિક્ષક તરીકે તમે શું કરશો ?

(A) વાલીને સમજાવી વિદ્યાર્થિનીને ગરબામાં ભાગ લેવડાવીશ.

(B) તેના સ્થાને અન્ય વિદ્યાર્થિનીને લઈ લઈશ.

(C) શાળાને ગરબા સ્પર્ધામાંથી ખસી જવા જણાવીશ.

(D) આચાર્યશ્રીનો સંપર્ક કરી, તે સૂચવે તેમ કરીશ.

55) 'શાળાના આચાર્યશ્રી વિજ્ઞાન મંડળની પ્રવૃત્તિઓમાં આર્થિક સહાય કરવાની ના પાડે છે.' તમે શું કરશો ?

(A) વિજ્ઞાન મંડળની પ્રવૃત્તિઓ બંધ કરી દઈશ.

(B) વિદ્યાર્થીઓ પાસેથી થોડો ફાળો લઈ ઓછા ખર્ચે થાય એવી પ્રવૃત્તિઓ કરીશ.

(C) સંચાલક મંડળને આ બાબત જણાવીશ.

(D) આચાર્યશ્રી સાથે ઝગડીશ.

56) શિક્ષક-વાલી મંડળની બેઠકમાં મોટાભાગના વાલીઓ હાજર રહેતા નથી. તમે શું કરશો ?

(A) શિક્ષક વાલી મંડળની પ્રવૃત્તિ બંધ કરી દઈશું.

(B) વાલીઓને પત્ર લખી સંમત કરીશ. વિદ્યાર્થીઓ વાલીને હાજર રહેવા વિનંતી કરે એવી વ્યવસ્થા કરીશ.

(C) આચાર્યશ્રીને ફરિયાદ કરીશ.

(D) સંચાલક મંડળને ફરિયાદ કરીશ.

57) સેવાકાલીન તાલીમ કાર્યક્રમમાં કશું જ ઉપયોગી કાર્ય થતું નથી એવું તમને લાગે છે. તમે શું કરશો ?

(A) આવા કાર્યક્રમોમાં જવાનું બંધ કરી દઈશ.

(B) મારા આચાર્યશ્રીને આ બાબતથી વાકેફ કરીશ.

(C) મારા પ્રતિભાવોમાં આયોજકોને આ બાબત સ્પષ્ટ જણાવીશ. સુધારા કરવા સૂચવીશ.

(D) આમાંનું કશું જ નહીં કરું.



Teachingninja.in

58) શાળાના શિક્ષકો શાળામાં જ પોતાનો વ્યાવસાયિક વિકાસ કરી શકે એ માટે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ -1986 માં કઈ પ્રવૃત્તિ સૂચવાઈ છે ?

(A) Scholastic Basic Training

(B) School Bound Inservice Training Programme

(C) School Built Inservice Training

(D) Short Term Training

59) વ્યાવસાયિક વિકાસ માટે નીચેનામાંથી કઈ પ્રવૃત્તિ વધારે યોગ્ય છે ?

(A) શિક્ષકોનું વિશેષ વાચન

(B) કમ્પ્યુટરનો મહત્તમ ઉપયોગ

(C) જિલ્લા કક્ષાએ વિષય શિક્ષક મંડળની સ્થાપના અને રચનાત્મક પ્રવૃત્તિઓ કરવી.

(D) શિક્ષક ખંડમાં શિક્ષણ વિષયક ચર્ચાઓ.

60) પાઠ્યપુસ્તકમાં ન હોય એવું એક સુંદર કાવ્ય તમને સ્પર્શી જાય છે. શું તમે આ કાવ્ય તમારા વિદ્યાર્થીઓને શીખવશો ?

(A) ના, તે અભ્યાસક્રમમાં નથી.

(B) હા, પણ તેનો ટૂંકમાં ખ્યાલ આપીશ.

(C) ના, પરીક્ષામાં તેના વિષે પ્રશ્નો ન પૂછાય.

(D) હા, પૂરો તાસ લઈ હું આ કાવ્ય વિદ્યાર્થીઓને રસપૂર્વક શીખવીશ.

61) વિજ્ઞાન શિક્ષક તરીકે આકાશ દર્શન માટે તમે વિદ્યાર્થીઓને રાત્રે શાળામાં બોલાવી શીખવવા ઈચ્છો છો. વિદ્યાર્થીઓના વાલીઓને આનો વિરોધ છે. તમે શું કરશો ?

(A) આકાશ દર્શનનો કાર્યક્રમ મુલત્વી રાખીશ.

(B) માત્ર છોકરાઓ માટે જ આ કાર્યક્રમ યોજીશ.

(C) વાલીને પુત્રી સાથે આવવા અને શાળાના આ કાર્યક્રમમાં જોડાવા જણાવી બધા જ વિદ્યાર્થીઓ માટે આ કાર્યક્રમ રાખીશ.

(D) શાળાના આચાર્યશ્રીને જાણ કરીશ.



Teachingninja.in

62) 'ખુલ્લાં પાઠ્યપુસ્તકો સાથે પરીક્ષા' આ વિચાર કેમ ભુલાઈ ગયો ?

(A) માધ્યમિક શિક્ષણ બોર્ડે આ વિચાર પડતો મૂક્યો.

(B) આ કાર્યક્રમની તલસ્પર્શી સમજના અભાવે આ કાર્યક્રમ પડતો મૂક્યો.

(C) આવા અખતરા કરવા યોગ્ય ન જણાતાં.

(D) સરકારે ફરજિયાત ન કર્યું હોવાથી.

63) મોટા ભાગની શાળાઓમાં કોઈપણ વિષયમાં પ્રોજેક્ટ લેવામાં આવતા નથી. શા માટે ?

(A) પરીક્ષા કેન્દ્રી શિક્ષણ

(B) અભ્યાસક્રમ પૂર્ણ કરવાની દોડધામ

(C) નવવિચાર અજમાયશ અંગે શિક્ષકોની ઉદાસિનતા

(D) વાલીઓનો વિરોધ.

64) માધ્યમિક શાળાઓમાં વૈજ્ઞાનિક સ્વરૂપનું જાતીય શિક્ષણ આપવું જોઈએ ?

(A) ના, આ અંગે સરકાર ના પાડે છે.

(B) ના, સમાજમાં આનો વિરોધ થાય છે.

(C) હા, તેથી તરૂણ તરૂણીઓના ખોટા ખ્યાલો દૂર થાય છે.

(D) હા, માત્ર ડોક્ટરો દ્વારા જ તે અપાય.

65) સિમ્પોઝિયમ, સેમિનાર, વર્કશોપ જેવી પદ્ધતિઓના ઉપયોગ અંગે તમે શું માનો છો ?

(A) આપણા વિદ્યાર્થીઓ હજુ આવી પદ્ધતિઓ માટે તૈયાર નથી.

(B) તેથી ધો. 10 અને ધો. 12 ની બોર્ડની પરીક્ષાનાં પરિણામો પર તેની વિપરીત અસર થાય.

(C) આ પદ્ધતિઓ આપણા વર્ગોમાં નિષ્ફળ જાય.

(D) આપણા શિક્ષકો આવી પદ્ધતિના ઉપયોગ માટે હકારાત્મક નથી.




Teachingninja.in

## તાર્કિક અભિયોગ્યતા

(કુલ ગુણ : 25)

**પ્રશ્ન નં. 66 થી 70 માટે સૂચનાઓ : પ્રશ્નમાં આપેલ શ્રેણી (તરેહ/પેટર્ન) ચાલું રહે તે જવાબ પર નિશાની કરો.**

66) પ્રશ્ન આકૃતિ : જવાબ આકૃતિ :



(A) (B) (C) (D) (E) (1) (2) (3) (4) (5)


(A) 1

(B) 2

(C) 3

(D) ઉપરમાંથી એકેય નહિ

67) પ્રશ્ન આકૃતિ : જવાબ આકૃતિ :




(A) (B) (C) (D) (1) (2) (3) (4) (5)

(A) 1

(B) 2


(C) 3

(D) ઉપરમાંથી એકેય નહિ



Teachingninja.in


68)



પ્રશ્ન આકૃતિ
જવાબ આકૃતિ

(A) 1
(B) 2
(C) 3
(D) 4


69)



પ્રશ્ન આકૃતિ
જવાબ આકૃતિ

(A) 1
(B) 2
(C) 3
(D) 4

70)



પ્રશ્ન આકૃતિ
જવાબ આકૃતિ

(A) 1
(B) 2
(C) 3
(D) 4



Teachingninja.in

પ્રશ્ન નં. 71 થી 75 માટે સૂચના : અંક અને અક્ષરની પેટર્ન જોઈ (?) ની જગ્યાએ સાચો જવાબ લખો.

71) 9, 28, 65, 126, ?

(A) 128
(B) 226
(C) 324
(D) 217

72) B, D, F, I, L, P, ?

(A) R
(B) S
(C) T
(D) U

73) Z, U, Q, ?, L

(A) I
(B) K
(C) M
(D) N

74) $ZA_5$, $Y_4B$, $XC_6$, $W_3D$, ?

(A) $E_7V$
(B) $V_2E$
(C) $VE_5$
(D) $VE_7$

75) 3F, 6G, 11I, 18L, ?

(A) 21O
(B) 25N
(C) 27P
(D) 27Q



Teachingninja.in

પ્રશ્ન નં. 76 અને 77 માટે સૂચના : સંબંધ ઓળખી સાચાં જવાબ પર નિશાની કરો.

76) ઘન અને ચોરસનો જે સંબંધ છે તે ચોરસ અને ................ સાથે છે.

(A) સમતળ (B) ત્રિકોણ

(C) રેખા (D) બિંદુ

77) એક ફોટા તરફ આંગળી કરી તે બોલ્યો : 'મારે કોઈ ભાઈ કે બ્હેન નથી, પણ તે માણસના પિતા મારા પિતાના પુત્ર છે.' ફોટો કોનો હશે ?

(A) એનો પોતાનો (B) એના ભત્રીજાનો

(C) એના પિતાનો (D) એના પુત્રનો

પ્રશ્ન નં. 78 થી 80 ના તાર્કિક જવાબ આપો.

78) સપ્ટેમ્બરમાં ટીવીની 10 સિરિયલ શરૂ થઈ. પાંચ નાની વાર્તાઓની હતી, ત્રણ લાંબી કલાકના નાટકની હતી અને બે સમાચારની હતી. જાન્યુઆરી સુધીમાં ફક્ત સાત સિરિયલ ચાલુ હતી. જેમાં પાંચ નાની વાર્તાઓવાળી હતી.

(A) સમાચારની એક જ સિરિયલ ચાલુ હતી.

(B) એક જ લાંબા નાટકની સિરિયલ ચાલુ હતી.

(C) જે સિરિયલ રદ્દ થઈ તેમાં એક લાંબા નાટકની હતી.

(D) દર્શકોને નાની વાર્તાઓ મોટા નાટકો કરતાં વધુ ગમે છે.

79) કલાકારો સામાન્ય રીતે ધૂની હોય છે. તેમાંનાં ઘણાં કંટાળેલાં હોય છે. કંટાળેલા લોકો નશાના રવાડે ચડી જાય છે.

(A) બધાં કંટાળેલ લોકો નશાખોર હોય છે.

(B) થોડાં કલાકારો નશો કરતાં હોય છે.

(C) બધાં નશાખોરો કલાકારો હોય છે.

(D) કંટાળેલ લોકો ધૂની હોય છે.

80) આશાબેનના વર્ગમાં બાળકો તેમનો સાથી જાતે ચૂંટે છે. પણ સળંગ સાત પિરિયડમાં એક જ જોડ સાથે કામ ન કરી શકે. અમીત અને મોનાએ સાત પિરિયડમાં સાથે કામ કર્યું છે. મનન અને યશે ત્રણ પિરિયડ સાથે કામ કર્યું છે. મોના સાથે હવે કોણ કામ કરી શકશે ? યશને મોના સાથે કામ કરવું નથી.

(A) મનન (B) આશાબેન

(C) અમીત (D) યશ

Teachingninja.in

પ્રશ્ન નં. 81 થી 85 માટે સૂચના : સાચાં જવાબ પર નિશાની કરો.

81) 110 મી લાંબી ટ્રેન 6 કી.મી.ની ઝડપે ચાલતાં માણસને સામેની બાજુથી 6 સેકન્ડમાં પસાર કરે છે. ટ્રેનની ગતિ કેટલી હશે ?

(A) 60 કિમી/કલાક (B) 65 કિમી/કલાક

(C) 50 કિમી/કલાક (D) 55 કિમી/કલાક

82) A, B કરતાં બમણી ગતિએ કામ કરે છે. B એક કામ 12 દિવસમાં પૂરું કરે છે. A અને B સાથે મળીને તે કામ કેટલા દિવસમાં પૂરું કરશે ?

(A) 4 દિવસ (B) 3 દિવસ

(C) 6 દિવસ (D) 5 દિવસ

83) એક ગાડીએ 10 કલાકમાં 80 કિ.મી. અંતર કાપવાનું છે. જો તે અડધું અંતર 3/5 સમયમાં કાપે તો બાકીનું અંતર કાપવા તેની ગતિ કેટલી હોવી જોઈએ ?

(A) 8 કિમી/કલાક (B) 10 કિમી/કલાક

(C) 12 કિમી/કલાક (D) 14 કિમી/કલાક

84) એક ચોરસ બગીચામાં 14 થાંભલા દરેક બાજુએ સરખા અંતરે લગાડેલ છે. તો ચારેય બાજુએ થઈને કેટલા થાંભલા હશે ?

(A) 56 (B) 44

(C) 52 (D) 60

85) થોડાંક છોકરા-છોકરીઓની વચ્ચે 42 સંતરાં વહેંચ્યાં છે. દરેક છોકરાને 3 સંતરાં મળે તો દરેક છોકરીને 6 સંતરાં મળે. દરેક છોકરાને 6 સંતરાં મળે તો દરેક છોકરીને 3 સંતરાં આપવા બીજા 6 સંતરાં વધુ જોઈએ. તો કેટલી છોકરીઓ હશે ?

(A) 10 (B) 8

(C) 6 (D) 4



Teachingninja.in

પ્રશ્ન નં. 86 થી 88 માટે સૂચના : અજાણી ભાષાના શબ્દો - શરૂઆતમાં 3 શબ્દોના અંગ્રેજી અર્થ આપ્યા છે. પ્રશ્નમાં આપેલ અંગ્રેજી શબ્દનો અજાણી ભાષામાં કયો શબ્દ થાય ?

86) *aptaose* એટલે first base
*eptaose* એટલે second base
*lartabuk* એટલે ballpark
"Baseball" માટે અજાણી ભાષામાં કયો શબ્દ છે ?
(A) buklarta (B) oseepta
(C) bukose (D) oselarta

87) *krekinblaf* એટલે workforce
*dritakrekin* એટલે groundwork
*krekinalti* એટલે workplace
"Someplace" માટે અજાણી ભાષામાં કયો શબ્દ છે ?
(A) moropalti (B) krekindrita
(C) altiblaf (D) dritaalti

88) *briftamint* એટલે militant
*uftonel* એટલે occupied
*uftonalene* એટલે occupation
"Occupant" માટે અજાણી ભાષામાં કયો શબ્દ છે ?
(A) elbrifta (B) uftonamint
(C) elamint (D) briftalene

89) અલગ પડતી જોડ પર નિશાન કરો.
(A) Sheep: bleat (B) Horse: neigh
(C) Ass: grunt (D) Owl: hoot

90) અલગ પડતી જોડ પર નિશાની કરો.
(A) profit: loss (B) wise: foolish
(C) virtue: vice (D) seduce: attract



Teachingninja.in

ગુજરાતી ભાષાકીય પ્રાવીણ્ય (કુલ ગુણ :30)

**નીચે પ્રશ્ન નં. 91 થી 95 નાં અંગ્રેજી વાક્યોના ચાર ચાર ગુજરાતી અનુવાદ આપવામાં આવ્યા છે. એમાંથી સૌથી વધુ સ્વાભાવિક છતાં સુયોગ્ય અનુવાદ કરેલા વાક્યની સામેના વર્તુળને ઘાટું કરો.**

**91)** We equate happiness with comforts.
(A) આપણે સુખ સાથે સગવડોની તુલના કરીએ છીએ.
(B) આપણે સગવડોને સુખમાં સરખાવીએ છીએ.
(C) આપણે સગવડો અને સુખને સરખાં ગણીએ છીએ.
(D) આપણે સુખ-સગવડને સરખાં માનીએ છીએ.

**92)** He closed his eyes to answer this question.
(A) આ પ્રશ્નનો જવાબ આપવાને બદલે તેણે આંખો મીંચી દીધી.
(B) આ પ્રશ્નનો જવાબ આપતાં પહેલાં તેણે આંખો મીંચી દીધી.
(C) આ સવાલનો ઉત્તર ન આપતાં તેણે આંખો મીંચી દીધી.
(D) આ પ્રશ્નનો ઉત્તર આપવા માટે તેણે આંખો મીંચી દીધી.

**93)** The old man must have prepared his will.
(A) વૃદ્ધ માણસે તેની ઈચ્છાને તૈયાર કરી લીધી હશે.
(B) વૃદ્ધ માણસે પોતાની ઈચ્છાને તૈયાર કરી લીધી હશે.
(C) વૃદ્ધ માણસે પોતાનું વસિયતનામું કરી લીધું હશે.
(D) વૃદ્ધ માણસે પોતાનું વસિયતનામું ધરી દીધું હશે.

**94)** She was under the shelter of her neighbours along with two daughters.
(A) તે તેના પાડોશીઓના આશ્રયસ્થાનની નીચે તેની બે દીકરીઓ સાથે હતી.
(B) તે તેની બે દીકરીઓ સાથે પાડોશીઓને આશરે હતી.
(C) તે તેની બે દીકરીઓ સાથે પાડોશીઓને ઘેર હતી.
(D) તે તેની બે દીકરીઓ સાથે પાડોશીઓને ભરોસે હતી.

**95)** He was considered the leader in the school.
(A) શાળામાં તે નેતા ગણાતો.
(B) શાળામાં તેને એક નેતા ગણવામાં આવતો.
(C) શાળામાં નેતા તરીકે તેની ગણતરી થતી.
(D) શાળામાં તેનું સ્થાન નેતાનું હતું.



Teachingninja.in

નીચે વાક્ય નં. 96 થી 100 માં, ચાર ચાર વાક્યોના જૂથમાં એક વાક્યપ્રયોગ અન્ય ભાષાની અસરવાળો છે. એવા બિનગુજરાતી વાક્યપ્રયોગની સામેના વર્તુળને ઘાટું કરો.

96) (A) કોઈ દિવસ માની કસમ ખાવી નહીં.
(B) મા ઈશ્વરનું પ્રતિનિધિત્વ કરે છે.
(C) મા તે મા, બીજા બધા વનવગડાના વા.
(D) માની વાત જ ન્યારી.

97) (A) તમારા ખમીસનો રંગ સરસ છે.
(B) તમારી પાટલૂનનો રંગ પણ સરસ છે.
(C) આ કાપડ તમે ક્યાંથી લાવ્યા ?
(D) એની કિંમત શું છે ?

98) (A) સામાન્ય રીતે સાચું બોલવું.
(B) સાચું બોલવાથી સુખી થવાય.
(C) જૂઠ એ જૂઠ છે. જૂઠ બોલનાર તરત પકડાય છે.
(D) જૂઠા માણસો કોઈને પસંદ નથી હોતા.

99) (A) કામ કરવું એ સારી વાત છે.
(B) ઉદ્યમી માણસ તંદુરસ્ત રહે છે.
(C) પણ વધુ પડતું કામ કરવું જોખમી છે.
(D) તમે કોના લીધે આટલું બધું કામ કરો છો ?

100) (A) આપણે સૌ ભારતમાતાની સંતાન છીએ.
(B) ભારત પર આપણને ગર્વ છે.
(C) મને ભારતીય હોવાનું ગૌરવ છે.
(D) ભારત આપણું વતન છે.



Teachingninja.in

નીચે વાક્ય નં. 101 થી 105 માં આપેલા રૂઢિપ્રયોગના ચલણી અથવા કોશમાન્ય અર્થ ધરાવતા પ્રયોગની સામેના વર્તુળને ઘાટું કરો.

101) હાથ ઉપાડવો.

(A) લડવું.

(B) મારવું.

(C) હાથને નીચેથી ઉપર લઈ જવો.

(D) પડેલા હાથને ઊંચકવો.

102) હાથ ટાઢા કરવા.

(A) હાથને ઠંડા પાણીમાં બોળવા.

(B) ઉદાર હોવું.

(C) પૈસા ખોઈ નાખવા.

(D) કરવા જેવાં કામ કરી સંતોષ મેળવવો.

103) હાથનાં કર્યાં હૈયે વાગવાં.

(A) કરેલું કામ માથે પડવું.

(B) નકામાં કામ કરવાં.

(C) કર્યાં કર્મ ભોગવવાં.

(D) સ્વજનોએ દગો દેવો.

104) હાથોહાથ ઊપડી જવું

(A) જોત જોતામાં મરી જવું.

(B) ઝડપથી વેચાઈ જવું.

(C) ઈરાદાપૂર્વક જવું.

(D) એક હાથમાંથી બીજા હાથમાં જવું.

105) માથે હાથ દેવા.

(A) હતાશ થવું.

(B) આશીર્વાદ આપવા.

(C) ઓથ આપવી.

(D) વહાલ બતાવવું.



Teachingninja.in

નીચે પ્રશ્ન નં. 106 થી 110 માં આપેલા શબ્દગુચ્છોમાંનાં દરેક માટે ચાર ચાર વૈકલ્પિક શબ્દો આપ્યા છે. સૌથી વધુ યોગ્ય વિકલ્પની સામેના વર્તુળને ઘાટું કરો.

106) કશીક શોધ કરવાથી, પુરવાર કે સાબિત કરવાથી જે મળે તે

(A) પ્રતિષ્ઠા (B) કીર્તિ

(C) પ્રસિદ્ધિ (D) ખ્યાતિ

107) યુદ્ધ કે સ્પર્ધામાં વ્યક્તિ કે જૂથનું અન્ય કરતાં બળવાન, ચાલાક, સમર્થ પુરવાર થવું તે

(A) સિદ્ધિ (B) જીત

(C) યશ (D) હાર

108) કલેક્ટરની વહીવટી હકૂમત નીચે મુકાતો રાજ્યનો ભૌગોલિક વહીવટી એકમ

(A) તાલુકો (B) નગર

(C) પ્રાંત (D) જિલ્લો

109) સજીવને વાગે એ રીતે, ઊંચું કરીને એકદમ નીચે નાખવું.

(A) પટકવું (B) પછાડવું

(C) ફેંકવું (D) ફગાવવું

110) પોતાનામાં ન હોય તેવા સદ્‌ગુણોનો ખોટો દેખાવ તે.

(A) આડંબર (B) દંભ

(C) ડોળ (D) ઢોંગ



Teachingninja.in

**નીચેના નં. 111 થી 115 વાક્યોમાં આપેલી ખાલી જગ્યામાં મૂકી શકાય તેવા સૌથી વધુ યોગ્ય વિકલ્પની સામેના વર્તુળને ઘાટું કરો.**

111) તડબૂચ કે પપૈયું મીઠું છે એવું ચખાડવા માટે તેમાંથી નાની _______ કાપવામાં આવે છે.

(A) કાતરી
(B) ડગળી
(C) ફાડિયું
(D) ચીર

112) તમારે પ્રામાણિકતા ખાતર દાગીનાની _______ કિંમત રાખવી જોઈએ.

(A) યોગ્ય
(B) ઉચિત
(C) વાજબી
(D) ઘટિત

113) ખાસ પ્રકારની માટીમાં માપસર પાણી નાખી ખૂંદવાથી જે _______ થાય તેમાંથી કુંભાર વાસણ બનાવે.

(A) કાદવ
(B) કીચડ
(C) ગાર
(D) ગારો

114) હરડેને _______ જે ભૂકો થાય તેને હરડેચૂર્ણ કહે છે.

(A) ખૂંદવાથી
(B) લસોટવાથી
(C) કચરવાથી
(D) દળવાથી

115) શેઠ સાહેબ, આપના ઘરમાં સરસ્વતીચંદ્ર સિવાય કશાયની _______ લાગે તો મને જણાવશો.

(A) તંગી
(B) ઓછપ
(C) ખેંચ
(D) તાણ



Teachingninja.in

નીચેના નં. 116 થી 120 માં આપેલા શબ્દોની 'સાર્થ ગુજરાતી જોડણીકોશ' મુજબની જોડણીવાળા શબ્દના વિકલ્પની સામેના વર્તુળને ઘાટું કરો.

116) (A) યોગિની
(B) યોગીની
(C) યોગિનિ
(D) યોગીનિ

117) (A) યુરેશીયા
(B) યુરેશિઆ
(C) યુરેશિયા
(D) યુરેશીઆ

118) (A) ચિડીયું
(B) ચિડિયું
(C) ચીડીયું
(D) ચીડિયું

119) (A) ટપુસિયાં
(B) ટપૂસિયાં
(C) ટપુસીયાં
(D) ટપૂસીઆં

120) (A) પગલુછણીયું
(B) પગલૂછણીયું
(C) પગલુછણિયું
(D) પગલૂછણિયું



Teachingninja.in

**English Language Proficiency** **(Full Marks : 30)**

**Darken the circle of the most appropriate translation of the given sentences from (No. 121 to 125) :**

121) કામ કરવાની શક્તિનો જે કોઈ ઉપયોગ કરવા તત્પર છે તેને કામ મળે જ છે.

(A) Whoever is ready to use the capacity to work is sure to find work

(B) Whoever are ready to use the capacity to work is sure to find work

(C) Whoever is ready to use the capacity to work are sure to find work

(D) Whoever are ready to use the capacity of work is sure to find work

122) પુરૂષોનાં કપડાં સંબંધી પોતાની રુચિ અથવા ગમા-અણગમા કરતાં પોતાની લશ્કરી તાકાતનું બ્રિટિશરોને મન મૂલ્ય વધુ હતું. તેમણે શીખ સૈનિકોને પાઘડીની છૂટ આપી.

(A) The British priced most their military prowess than their own sartorial inclinations. They allowed the turban to the sikh soldiers

(B) The British priced more their military prowess then their own sartorial inclinations. They allowed the turban to the sikh soldiers

(C) The British priced more their military prowess than their own sartorial inclinations. They allowed turbans to the sikh soldiers

(D) The British priced more their military prowess than their own sartorial inclinations. They allowed the turban to the sikh soldiers

123) અનુકૂળ થવાની અને ગોઠવવાની શક્તિ એ ટકી રહેવા અને પ્રગતિ માટેની પ્રથમ શરત છે.

(A) The capacity to adapt and adjust are the first condition for survival and progress

(B) The capacity to adapt and adjust is the first condition for survival and progress

(C) The capacity of adapt and adjust is the first condition for survival and progress

(D) The capacity to adapt and adjust is first condition of survival and progress

124) આપણી સૌની મર્યાદા છે એ સર્વવિદિત છે.

(A) We all have limitations is welknown

(B) We have all limitations is welknown

(C) It is welknown that we have all limitations

(D) It is welknown that we all have limitations



Teachingninja.in

125) એક અંગ્રેજ આપણી ગુજરાતી ભાષા શીખવા કંઈ પણ આપવા તૈયાર છે.

(A) One Englishman who would give anything to know our Gujarati language

(B) An Englishman who would give anything to know your Gujarati language

(C) An Englishman is ready to give anything to learn our Gujarati language

(D) An Englishman will be ready giving anything to learn our Gujarati language

**Darken the circle against the most appropriate option you select (No. 126 to 129):**

126) (A) Ramesh and me went to the shops
(B) Ramesh and I went to the shops
(C) Ramesh and me went to shops
(D) Ramesh and I went to shops

127) (A) You don't said you would be this late
(B) You didn't said you would be this late
(C) You didn't say you would be this late
(D) You didn't say you will be this late

128) (A) One in six have this problem
(B) One in six has this problem
(C) One of six have this problem
(D) One of six has this problem

129) (A) One of the most dependable of the older girls, who was made responsible ________
(B) One of the more dependable of the older girls, who was made responsible ________
(C) One of the most dependable of the older girl, who was made responsible ________
(D) One of the most dependable of the older girls, who were made responsible ________

130) (A) Either child or the parents are to blame
(B) Either the child or the parent is to blame
(C) Either the child or the parents is to be blame
(D) Either the child or the parents are to blame



Teachingninja.in

**Darken the circle against the most appropriate option you select for as one for many words (No. 131 to 135) :**

131) A feeling of boredom

(A) Dizzy
(B) Doldrums
(C) Domino
(D) Dormant

132) A person who undertakes a business or enterprise.

(A) Interpreter
(B) Enterpriser
(C) Entertainer
(D) Enterpreneur

133) Enter forcibly or suddenly.

(A) Irritant
(B) Iterate
(C) Irrupt
(D) Interupt

134) Move from one place of residence to another

(A) Migrate
(B) Milieu
(C) Militant
(D) Militate

135) The use of concise witty remarks.

(A) Epigram
(B) Epilogue
(C) Episcene
(D) Epicene



Teachingninja.in

**Darken the circle against the most appropriate option you select for blanks given in 136 to 140 :**

136) Your story is devoid ________ truth.

(A) of

(B) from

(C) by

(D) with

137) I do not hanker ________ wealth.

(A) for

(B) from

(C) after

(D) upon

138) Do not impute motives ________ him.

(A) on

(B) to

(C) with

(D) after

139) He is suspicious ________ my motive.

(A) about

(B) for

(C) of

(D) with

140) 'Bartering' means ________.

(A) selling

(B) buying

(C) exchanging

(D) giving

(P.T.O.)



Teachingninja.in

Teachingninja.in

**Darken the circle of the most appropriate synonym for the underlined words given in sentences 141 to 145 :**

**141)** The song had a <u>soporific</u> effect on the child.

(A) soothing
(B) terrific
(C) supreme
(D) sleep-inducing

**142)** His <u>allegiance</u> to the party was suspect from the very beginning.

(A) servility
(B) obedience
(C) loyalty
(D) passivity

**143)** Sympathetic criticism has a <u>salutary</u> effect.

(A) premature
(B) terrible
(C) disastrous
(D) beneficial

**144)** His bad behaviour <u>evoked</u> punishment.

(A) escaped
(B) called for
(C) produced
(D) summoned

**145)** Please do not give any more <u>flimsy</u> pretexts for not having done the work.

(A) weak
(B) strong
(C) justified
(D) impulsive



Teachingninja.in
Teachingninja.in

**Darken the circle against the correct spellings of the words in 146 to 150 :**

**146)** (A) Corrollary
(B) Corollary
(C) Corolary
(D) Corollarry

**147)** (A) Discussible
(B) Discussable
(C) Discusible
(D) Discusable

**148)** (A) Diptheria
(B) Diptherya
(C) Diptharia
(D) Diphtheria

**149)** (A) Fourty
(B) Fourti
(C) Forty
(D) Forti

**150)** (A) Haemoglobin
(B) Hamoglobin
(C) Haemeglobin
(D) Hemoglobin



Teachingninja.in